# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૭-A તા.૧૬-૦૮-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ધો.૩ થી ૧૦ ના શિક્ષકો માટે ઓનલાઈન / ફેસ ટુ ફેસ મોડની તાલીમ બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી/તાલીમ/૨૦૨૪-૨૫/૧૭૧૫૯-૨૭૧ તા.૦૮-૦૮-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સંપૂર્ણ શિક્ષણ પ્રણાલીને સમર્થન અને શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં શિક્ષકોને સક્ષમ બનાવવા, શિક્ષકોની વ્યવસાયિક સજ્જતા વધારવા ઓનલાઈન તાલીમનું આયોજન કરવામાં આવે છે.

પ્રથમ શિક્ષક સજ્જતા મોડયુઅલ-૧ની ઓનલાઈન તાલીમ તા.૧૫-૦૭-૨૦૨૪થી શરૂ કરેલ છે. જો કોઈ શિક્ષકે કોઈકારણસર આ તાલીમ ન લીધી હોય તો સત્વરે તાલીમ લઈ લેવી.

શિક્ષક સજ્જતા મોડયુઅલ-૨ની ઓનલાઈન તાલીમ તા.૧૬-૦૮-૨૦૨૪ થી તા.૧૫-૦૯-૨૦૨૪ દરમ્યાન સ્વીફટચેટ-બોટ પ્રશિક્ષણ પર ઉપલબ્ધ રહેશે. આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ માહિતી અને માર્ગદર્શન મુજબ શિક્ષકોને ઓનલાઈન તાલીમમાં જોડાવવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૬-૦૮-૨૦૨૪

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

નિયામક

ક્રમાંકઃજીસીઇઆરટી/ તાલીમ / **2024-25 / 17159-271**
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
'વિદ્યાભવન' સેકટર-૧૨, ગાંધીનગર
**Email: gcerttraining@gmail.com**
તારીખ:**08-08-2024**

પ્રતિ,
**પ્રાચાર્યશ્રી**, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,**તમામ
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,**તમામ
**શાસનાધિકારીશ્રી,**તમામ

**વિષયઃ** ધોરણ 3 થી 10 ના શિક્ષક માટે ઓનલાઇન/ફેસ ટુ ફેસ મોડની તાલીમ બાબત
**સંદર્ભઃ** જીસીઇઆરટીના પત્રક્રમાંકઃજીસીઇઆરટી/તાલીમ/૨૦૨૪-૨૫/૧૪૩૦૯-૧૪૪૧૬ તા.૧૧-૭-૨૦૪

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સંપૂર્ણ શિક્ષણ પ્રણાલીને સમર્થન અને શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020**માં શિક્ષણ વ્યવસ્થામાં થઇ રહેલ મૂળભૂત બદલાવના કેન્દ્રમાં આવશ્યકપણે શિક્ષક જ હોવો જોઇએ તેમ જણાવેલ છે. આ નીતિને નિશ્ચિતપણે પ્રત્યેક સ્તર પર શિક્ષકોને સમાજના સર્વાધિક સન્માનપાત્ર અને અનિવાર્ય સભ્યના રૂપમાં પુનઃસ્થાપિત કરવામાં મદદ કરવી પડશે કારણકે શિક્ષક જ આવનાર પેઢીને સાચા અર્થમાં યોગ્ય દિશામાં આકાર આપી શકે. આ નીતિ દ્વારા શિક્ષકોને સક્ષમ બનાવવા માટે પ્રત્યેક સંભવ પ્રયત્ન કરવાની આવશ્યકતા છે કે જેનાથી તેઓ પોતાના કાર્યને અસરકારક રીતે કરી શકે જેના માટે શાળાના વર્ગવ્યવહારમાં ગુણવત્તા લાવવા જવાબદારીની મૂળભૂત પ્રક્રિયામાં પદ્ધતિસરના પગલાં લઇને સેવાકાલીન તાલીમ કાર્યક્રમો સુદૃઢ અને અસરકારક બનાવવા, જેથી શિક્ષણના વ્યવસાયને ઉચ્ચ દરજ્જો મળે તે માટે **શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા વધારવા માટેના પ્રયત્નો કરવા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં ભાર આપવામાં આવ્યો છે.**

NEP 2020 પ્રકરણ - 5 માં સતત વ્યાવસાયિક વિકાસ (Continuous Professional Development - CPD) અંતર્ગત મુદ્દો – 5.15 જણાવે છે કે, **"Teachers will be given continuous opportunities for self-improvement and to learn the latest innovations and advances in their professions."** આ માટે રાજયના ધોરણ 3 થી 10 ના તમામ શિક્ષકો માટેઓન લાઇન અને ફેસ ટુ ફેસ એમ બંને મોડમાં તાલીમનું આયોજન કરવામાં આવેલ છે.

ઓનલાઇન તાલીમ શિક્ષક સજ્જતા મોડ્યૂલ -1 માં 10 કોર્સ અને મોડ્યૂલ -2 માં 08 કોર્સનો સમાવેશ કરવામાં આવેલ છે. આમ, બંને મોડયુલ્સમાં કુલ 18 કોર્સ (એકમો) સમાવિષ્ટ હશે અને તેને શિક્ષકો માટેની 50 કલાકની (Continuous Professional Development - CPD) વ્યવસાયિક સજ્જતા તાલીમ સાથે સાંકળી લઇ પ્રથમ મોડ્યૂલની 10 કલાક અને બીજા મોડ્યૂલની 10 કલાક એમ કુલ 20 કલાકની વ્યવસાયિક સજ્જતા તાલીમ તરીકે ગણવાનું નક્કી કરવામાં આવેલ છે. **જે પૈકી સંદર્ભ દર્શિત પત્ર અન્વયે પ્રથમ શિક્ષક સજ્જતા મોડ્યૂલ-1ની ઓનલાઇન તાલીમ તા.15-7-2024 થી શરૂ કરવામાં આવેલ, રાજયના ઘણા બધા શિક્ષકશ્રીઓએ આ તાલીમ મેળવી લીધેલ છે. આમ છતાં કોઇ કારણસર જે શિક્ષકોએ મોડ્યૂલ-1 ઓનલાઇન તાલીમ મેળવાની બાકી હોય તો સત્વરે તાલીમ મેળવી લેવાની રહેશે.**

**શિક્ષક સજ્જતા મોડ્યૂલ-2 ઓનલાઇન તાલીમ કોર્સ તા.16-8-2024 થી 15-9-2024 દરમિયાન સ્વીફટચેટ બોટ - પ્રશિક્ષક પર ઉપલબ્ધ રહેશે. જેથી દરેક શિક્ષકે આ તાલીમ તારીખ 15-9-2024 સુધીમાં ફરજિયાત પૂર્ણ કરવાની રહેશે. ઉક્ત તાલીમ લેવા માટેની જાણ દરેક શિક્ષકશ્રીને આપની કક્ષાએથી કરવાની રહેશે**

**મોડ્યૂલ -1 અને 2 માં સમાવિ કોર્સના નામ નીચે મુજબ છે.**

| ક્રમ | મોડ્યૂલ – 1 કોર્સના નામ | ક્રમ | મોડ્યૂલ – 2 કોર્સના નામ |
|---|---|---|---|
| 1 | NEP 2020 – શિક્ષકની ભૂમિકા | 1 | અસરકારક પાઠ આયોજન અને વર્ગખંડ અમલ |
| 2 | SCF ની મુખ્ય બાબતોની સમજ | 2 | HOT પ્રશ્નોની સમજ અને રચના |
| 3 | માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારી | 3 | ગુણોત્સવ- 2.0 |
| 4 | અધ્યયન નિષ્પત્તિની સમજ અને વિષયવસ્તુ સાથે જોડાણ | 4 | Cyber Security |
| 5 | શિક્ષણમાં વિષયો વચ્ચેનો અનુબંધ | 5 | ભાષાકીય, ગાણિતિક, વૈજ્ઞાનિક અને ડીજીટલ સાક્ષરતા |
| 6 | અસરકારક વર્ગખંડ સંચાલન | | |
| 7 | Educational Achievement Survey | 6 | ICT initiative by GCERT & NCERT |
| 8 | FLN Implementation | 7 | શિક્ષણ વિભાગની પહેલ (વિવિધ યોજનાઓ) |
| 9 | G-SHALA+ નો ઉપયોગ | | |
| 10 | 10 Bag less Day Implementation | 8 | Child rights & protection |

- શિક્ષક મિત્રો સ્વીફ્ટ ચેટનો ઉપયોગ કરે છે તેમ બોટના ઉપયોગથી આ કોર્સમાં જોડાવવાનું રહેશે. દરેક શિક્ષકે જોડાવવા માટે પોતાની શાળાનો કોડ અને પોતાનો ટીચર કોડ એન્ટર કરવાનો રહેશે.આ

https://web.convegenius.ai/bots?botId=0241493104972768 લીંકના માધ્યમથી મોડ્યૂલમાં જોડાવવાનું રહેશે.

- જો શિક્ષકોને તેમના ટીચર કોડ દ્વારા સ્વીફ્ટચેટ બોટ મોડયુલ ખૂલતું ન હોય તો તેમણે પ્રથમ તાલુકાના MIS ઓફિસરનો સંપર્ક કરી પોતાની વિગતો ટીચર પોર્ટલ પર અપલોડ કરાવવાની રહેશે. ત્યારબાદ જ શિક્ષક સ્વીફ્ટચેટ બોટ પ્રશિક્ષકની તાલીમમાં જોડાઇ શકશે.
- રજીસ્ટ્રેશનમાં આપેલ વિગતો પૈકી લાગુ પડતી વિગતો ફરજિયાત ભરવાની રહેશે.
- આ તાલીમ દરમિયાન તાલીમમાં જોડાવવા સંબંધી તેમજ શૈક્ષણિક પ્રશ્નો કે મુશ્કેલીઓ માટે સંબંધિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો સંપર્ક કરવાનો રહેશે.
- 15 ઓગષ્ટ-2024 પછી ફેસ ટુ ફેસ મોડમાં ધોરણ 3 થી 10 ના શિક્ષકો માટે પ્રથમ સત્રમાં ત્રણ દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવશે. જેમાં લર્નીંગ આઉટકમ્સ આધારિત વિવિધ ઇનોવેટીવ પેડાગોજી આધારિત ધોરણવાર વિષયવારનું શિક્ષણ કાર્ય, NEP 2020 માં સૂચવ્યા અનુસાર ક્લાસરૂમ ટ્રાન્જે કશનમાં મદદરૂપ થઇ શકે તેવા વિષયો આવરી લેવામાં આવેલ છે

આ તાલીમ વિષે અને મોડ્યૂલમાં કઇ રીતે જોડાવવું તેના માટેની સમજ આપતો વીડીયો બાજુમાં QR CODE સ્કેન કરવાથી જોઇ શકાશે.

| | | | |
|---|---|---|---|
| (પી. કે. ત્રિવેદી)<br>**નિયામક**<br>જીસીઇઆરટી<br>ગાંધીનગર | (ડૉ.એમ. આઇ. જોષી)<br>**નિયામક**<br>પ્રાથમિક શિક્ષણ<br>ગાંધીનગર | (પી. આર. રાણા)<br>**નિયામક**<br>શાળાઓની કચેરી<br>ગાંધીનગર | (ડૉ. રતનકુંવર ગઢવીચારણ)<br>**એસ.પી.ડી.**<br>સમગ્ર શિક્ષા<br>ગાંધીનગર |

**બિડાણઃ મોડ્યૂલ-1 ઓનલાઇન તાલીમ મેળવાની બાકી હોય તેની યાદી (Excel ફાઇલ માં)**

**નકલ રવાના સવિનય જાણ સારું**

- **માન. અગ્રસચિવશ્રી,**
  ((પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર)